# બુદ્ધિમાન પુરુષોએ વિચારવા યોગ્ય :
# જાતીય શિક્ષણનાં માઠાં પરિણામ

**શ્રી હિતકાંક્ષી**

હાલમાં અતિ દુઃખદાયક એવો કળિયુગ પ્રવર્તી રહ્યો છે, એ આગળ વધી રહ્યો છે ને જામી રહ્યો છે. એના જ પ્રતાપે લોકોની સદ્‌બુદ્ધિ (વિવેકબુદ્ધિ) વિનાશ પામી રહી છે અને કુબુદ્ધિ વૃદ્ધિ પામી રહી છે. વધતી જતી કુબુદ્ધિના પ્રભાવે જે સાચું, સારું ને હિતકર છે તે ખોટું, ખરાબ ને અહિતકર લાગે છે, જ્યારે જે ખોટું, ખરાબ ને અહિતકર છે તે સાચું, સારું ને હિતકર લાગે છે.

પ્રવર્તી રહેલા કળિયુગના પ્રતાપે અને લોકોના દુર્ભાગ્યે સાચી, સારી ને હિતકર બાબતોનો પક્ષપાતી વર્ગ દિન-પ્રતિદિન ઘટી રહ્યો છે અને ખોટી, ખરાબ ને અહિતકર બાબતોનો પક્ષપાતી વર્ગ વધી રહ્યો છે.

**आहार-निद्रा-भय-मैथुनं च**
**सामान्यमेतत्पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषामधिको विशेषो,**
**धर्मेण हीनाः पशुभिस्समानाः ॥**

**ભાવાર્થ :** આહાર કરવો, નિદ્રા કરવી, ભય પામવો અને મૈથુન (સેક્સ) સેવન કરવું, આ ચારેય બાબતોમાં માનવોની ને પશુઓની સમાનતા છે એમાં માનવ-પશુ વચ્ચે કોઈ ભેદ નથી. માનવોમાં રહેલો ધર્મ (વિવેક) તેમ નીતિમય આચરણ જ માનવોને પશુઓથી જુદા પાડી બતાવે છે. જે માનવો ધર્મરહિત છે તેઓ પશુઓની સમાન છે, અર્થાત્ માનવના રૂપમાં પશુ છે.

આહાર, નિદ્રા, ભય ને મૈથુન આ ચારને **'સંજ્ઞા'** કહેવાય છે. આ ચાર સંજ્ઞા સાથે લઈને જ જીવો જન્મે છે. આત્મામાં પડેલા ભવોભવના અનાદિકાલીન સંસ્કારોના બળે જીવોને જન્મતાંની સાથે વગર શીખવ્યે જે આવડી જાય છે તેનું નામ સંજ્ઞા છે.

માતાના સ્તનને મોઢામાં લેવું અને એને દબાવીને એમાંથી દૂધ કાઢીને પીવું, ગળા નીચે ઉતારવું આવું શિક્ષણ ગલૂડિયાંને આપવાની જરૂર પડતી જ નથી. નિદ્રા કેમ કરવી, ભયભીત કેમ થવું અને મૈથુન સેવન કેમ કરવું એવું શિક્ષણ પણ જીવોને આપવાની જરૂર પડતી નથી.

પાણીમાં કેમ તરવું એવો ઉપદેશ કે એવું શિક્ષણ માછલીને આપવાનું હોય જ નહિં, તરવાની તાલીમ એને માટે જરૂરી નથી, કેમકે એને માટે એ તદ્દન

સ્વાભાવિક બાબત છે. એવી જ રીતે અનાદિકાળથી મૈથુન સંજ્ઞાથી ઘેરાયેલા જીવોને માટે જે એક તદ્દન સ્વાભાવિક બાબત છે અને જે બાબત અજ્ઞાન પશુ-પંખીઓને પણ શીખવવી પડતી નથી તેવી બાબત જેને બુદ્ધિ મળી છે અને જેનામાં વય પ્રાપ્ત થતાંની સાથે કુદરતી રીતે જ સૂઝ-સમજ આવી જાય છે તેવી માનવજાતને તો જાતીયતાની બાબત શીખવવી પડે જ નહિ, શીખવવાની હોય જ નહિ. આમ છતાં એના શિક્ષણના અભાવે જાતજાતનાં શારીરિક નુકસાનોનો અનુચિત ને અનર્થકારી એવો કાલ્પનિક હાઉ ઊભો કરીને, માનવસેવા(ભલાઈ)ના સુંવાળા ઓઠા નીચે જાતીય શિક્ષા એટલે કે પ્રજનન અંગેનું સર્વથા અનર્થકારી ને અહિતકર શિક્ષણ આપવાની વાતો વેગ પકડતી જાય છે ત્યારે સમાજ હિતચિંતક બુદ્ધિમાન પુરુષોએ ગંભીરતાથી ગહન રીતે એનાં ખતરનાક પરિણામો જાણી લેવાં જરૂરી છે.

સ્વાદના રસિયાઓ દ્વારા ભોજનની કોઈ એક નવી સ્વાદિષ્ઠ વાનગી શોધી કાઢવામાં આવી હોય અને એ વાનગી બનાવવાની રીત જ્યારે ખાન-પાનનાં શોખીન સ્ત્રી-પુરુષોને શીખવવામાં આવી રહી હોય ત્યારે 'ખાવા-પીવાનો રસ આરોગ્યને

હાનિકર્તા છે, શરીરને રોગી બનાવનાર છે, સુખદાયક તો ખાન-પાન અંગેનો સંયમ જ છે.' એવું જાણવા અને અનુભવવા છતાંય નવી સ્વાદિષ્ઠ વાનગી બનાવીને ખાવાની ને એનો આસ્વાદ માણવાની લાલચને રોકવાનું ખાવા-પીવાના રસિયાઓ માટે અતિ મુશ્કેલ બની જાય છે.

જે વખતે માણસના શરીરમાં જુવાનીનાં ઘોડાપૂર ઊમટ્યાં હોય, જે વખતે જોબનિયું ફાટ ફાટ થતું હોય અને જે વખતે જાતને કાબૂમાં(સંયમમાં) રાખવાનું તદ્દન નિષ્પાપ હૃદયવાળાં કુલીન સ્ત્રી-પુરુષોને માટે પણ મુશ્કેલ બન્યું હોય, તેવા વખતે જ માણસને પ્રજનન(જાતીયતા-સેક્સ) સંબંધી શિક્ષણ આપવામાં આવે ત્યારે સમાગમ-સુખનો શરીર દ્વારા જાત-અનુભવ કરવાની લાલચને રોકવાનું સમજદાર, સુસંસ્કારી દૃઢ મનોબળવાળાં સ્ત્રી-પુરુષોને માટે પણ અતિ મુશ્કેલ બની જાય એમાં આશ્ચર્ય નથી.

યોગ્ય વયને પામ્યા પછી અને લગ્ન બાદ જ જે જાતીય સુખનો અનુભવ કરાય છે, તેનો અનુભવ કરવાનું યોગ્ય વયને પામતાં પહેલાં અને કુમારાવસ્થામાં જ શરૂ થઈ જાય તેથી કુમારિકાઓનું કૌમાર્ય લગ્નજીવન પૂર્વે જ ખંડિત થઈ જાય.

અનાદિકાળથી ચાર સંજ્ઞાઓથી ઘેરાયેલા જીવો મૈથુન-સેવન તો કરવાના જ છે. એમાં માણસને માટે ખૂબ મહત્ત્વની બાબત તો લાજમર્યાદા જળવાય એ છે. **જાતીયતા સંબંધી શિક્ષણ તો માર્ગના ઢાળ સમાન છે. માર્ગનો ઢાળ પગ-પૈડાંની ગતિને અનિયંત્રિત બનાવે છે. આજની નિયંત્રણ(અંકુશ) વગરની જુવાની એ માનવ-જીવનનો મોટામાં મોટો ઢાળ છે. એમાં જાતીય શિક્ષણ અપાય તો એ મૈથુન-સેવનને અનિયંત્રિત બનાવીને માણસને પોતાની માણસાઈ ભુલાવી દે અને એને પશુતા તરફ દોરી જાય એમ બનવાની સંભાવના પ્રવર્તમાન પરિસ્થિતિના આધારે સવિશેષ જણાય છે.**

**'જાતીય શિક્ષણ'** એવો શબ્દપ્રયોગ રૂપાળો લાગતો હોય તોપણ એ શિક્ષણ સદાચારી પ્રજાને વ્યભિચારના પાપમાર્ગે દોરી જનારું બની રહે. એક વાર પ્રજા સદાચારનો ત્યાગ કરીને દુરાચારભર્યા વ્યભિચારના માર્ગે દોરાઈ જાય પછી તો ગર્ભહત્યાના ભયાનક પાપની જેમ વ્યભિચાર કાયદેસર બની જાય, એટલે ગર્ભહત્યાના પાપને જેમ પાપ માનવાનું બંધ થયું તેમ વ્યભિચારના પાપને પણ પાપ માનવાનું બંધ થાય. પાપને પાપ માનવાનું જ જ્યારે બંધ થાય પછી બાકી શું રહે ? પછી તો ભૂંડોના વર્તનમાં અને માણસજાતના વર્તનમાં ખાસ કોઈ ફરક જોવા મળે

નહિ. કરોડો મહાસતીઓથી તેમજ પતિવ્રતા સ્ત્રીઓથી પવિત્ર અને યશસ્વી બનેલા આ દેશમાં એકાદ પતિવ્રતા સ્ત્રીને પણ દીવો લઈને શોધવા નીકળવું પડે એવી કલંકિત સ્થિતિમાં આપણો આખોય દેશ મુકાઈ જાય એમ બનવાજોગ છે.

જાતીય શિક્ષણ આપવા પાછળ પ્રજાનું ચારિત્ર્ય નીચે ઉતારીને પ્રજાનાં સદાચારનો અને આરોગ્યનો નાશ કરવાના ગર્ભિત ઉદ્દેશો હોવાની કલ્પના તો ઘણી કઠોર લાગે એવી છે.

વ્યભિચારના માર્ગે દોરાયેલી પ્રજા નિર્વીર્ય બને, રોગી બને, સત્ત્વ ને ખમીરરહિત બને; એવી પ્રજાનો નાશ સહેલાઈથી થઈ શકે.

દારૂ અને તમાકુના સેવનથી શરૂઆતમાં તો શરીરમાં તેજી-સ્ફૂર્તિ લાગે, પણ પરિણામ તો અતિ દુઃખદ ને વિનાશકારી જ હોય છે. દારૂ-તમાકુના વ્યસનીઓ એ વ્યસનોના સેવન દ્વારા શરીરમાં શરૂઆતમાં અનુભવાતી સ્ફૂર્તિને જ જોનારા હોય છે, વિનાશકારી-દુર્ગતિદાયક પરિણામ તો એઓ જોઈ શકતાં જ નથી. દારૂ - તમાકુના વ્યસનીઓને જો વ્યસન-સેવન અંગેનો અભિપ્રાય પૂછવામાં આવે તો એઓ 'વ્યસન સેવન કરવાથી ખૂબ લાભ થાય છે, નુકસાન

જરાય થતું નથી' એવા જ અભિપ્રાય આપે. એમના આવા અભિપ્રાયોને સાચા અને સુખદ કોણ માને ? ડાહ્યો હોય એ માને કે મૂરખ હોય એ માને ?

એવી જ રીતે જાતીય શિક્ષણ આપવાનું શરૂ કરાયા પછી શિક્ષકોને અને એ શિક્ષણ લેનારાઓને એને અંગેના અભિપ્રાયો પૂછવામાં આવે તો તેઓ પણ દારૂ-તમાકુના વ્યસનીઓની જેમ વિનાશકારી પરિણામો પ્રત્યે આંખ-મિચામણાં કરીને મનમાં રમી રહેલા જાતીય સુખના રસને કારણે સુંવાળા અભિપ્રાંયો જ આપે. અહીં પ્રશ્ન એ છે કે એમના સુંવાળા અભિપ્રાયો માન્ય ને સ્વીકાર્ય કોના માટે બની શકે ? પ્રજાના હિતચિંતકો માટે કે હિતશત્રુઓ માટે ?

સમાગમ-સુખનો એક વાર શરીર દ્વારા જાત-અનુભવ કર્યા પછી એનું વ્યસન પડી જાય. દારૂ અને તમાકુના વ્યસનીઓ કરતાં પણ જાતીય સુખના વ્યસનીઓની હાલત વધારે દુઃખદાયક ને દયાજનક બની જાય. '**भोगे रोगभयम्**' એ શાસ્ત્રીય વચન છે. અતિમાત્રામાં કરાતું ભોગોનું સેવન માણસની કાયાને ભરજુવાનીમાં પણ કમજોર ને રોગી બનાવે છે. જોતજોતામાં પ્રાણ હરી લે એવા નવા નવા અનેક અતિ દુઃખદાયક અસાધ્ય રોગો ફાટી નીકળે અને દારૂ, તમાકુ આદિના વ્યસનીઓની જેમ જાતીય સુખ

માણવાના વ્યસનીઓ ભયાનક રોગોથી પિડાવા છતાંય જાતીય સુખ માણવાના વ્યસનનો ત્યાગ કરી શકે નહિ એવી અતિ દુઃખદાયક ને દયાજનક હાલતમાં મુકાઈ જાય, માણસ શારીરિક રીતે, આર્થિક રીતે અને આત્મિક દૃષ્ટિએ પણ પૂરેપૂરો બરબાદ થઈ જાય.

કૌમાર્ય જેમનું અખંડિત હોય તેમનું લગ્નજીવન નિષ્પાપ ને સુખશાંતિમય હોય. કૌમાર્ય જેમનું ખંડિત થયેલું હોય તેમનું લગ્નજીવન પતિ-પત્ની બંનેના આડા સંબંધોને કારણે દુરાચારભર્યું, પાપમય, દુઃખમય ને ક્લેશમય હોય. કુમારાવસ્થાનો સંયમ લગ્નજીવનને સુખશાંતિમય ને સમૃદ્ધ બનાવે, જ્યારે કુમારાવસ્થાનો અસંયમ લગ્નજીવનને દુઃખમય, ક્લેશમય ને બરબાદ બનાવી દે. પછી છૂટાછેડા ભરણપોષણના દાવા ને કોર્ટ-કચેરીના ધક્કામાં જ માણસ જીવનભર અટવાયેલો રહે.

પૂર્વે સંયુક્ત કુટુંબોમાં ને બારી-બારણાં આખો દિવસ ઉઘાડાં જ રહેતાં હોય એવાં ઘરોમાં, સૌ અરસ-પરસ દેખતાં હોય એવી જ રીતે માણસ જીવતો હતો, તેથી એને માટે ભરજુવાનીમાં પણ પોતાની જાતને કાબૂમાં(સંયમમાં) રાખવાનું જરાય મુશ્કેલ બનતું નહોતું.

આજે સંયુક્ત કુટુંબો રહ્યાં નથી અને માણસને જોનાર લગભગ કોઈ ન હોય એવી રીતે ફ્લૅટોમાં બંધબારણે વસવાટ છે. ઘરમાં માબાપની ગેરહાજરી

હોય ને જુવાન સંતાનો ઘરમાં એકલાં જ હોય, જુવાનજોધ કાયાને કાબૂમાં રાખવાનું મુશ્કેલ હોય એવી પરિસ્થિતિમાં જાતીય શિક્ષણનાં કેવાં માઠાં પરિણામ આવે એ નિષ્પાપ હૃદયવાળા સુજ્ઞ ને વિવેકી આત્માઓએ નિર્મળ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

**જાતીય સુખનું શિક્ષણ કુલીન એવાં સ્ત્રી-પુરુષોને પણ નફ્ફટ ને નિર્લજ્જ બનાવ્યા વિના રહે જ નહિ. જાતીય સુખનું શિક્ષણ લીધેલાં સ્ત્રી-પુરુષોની લાજ-શરમ સર્વથા છૂટી જાય. એવાં સ્ત્રી-પુરુષો તદ્દન બેશરમ બનીને અજ્ઞાની એવા પંખીની કાયાને પામેલાં કાગડા-કાગડીને પણ સંસ્કારી, સભ્ય ને લાજ-શરમવાળાં મનાવે એવું અનુચિત-અસભ્ય વર્તન જાહેરમાં પણ કરવા લાગી જાય અને એમનો ચેપ આખાય સમાજને લાગી જાય. પછી આખાય સમાજની હાલત પશુઓથી પણ બદતર બની જાય એમાં નવાઈ નહિ.**

દારૂ અને તમાકુ આદિના વ્યસનીઓ એ વ્યસનોના પ્રતાપે દુઃખી થતા હોય ત્યારે એમની દયા ખાઈને, 'એમને વ્યસનોનું સેવન કરતાં આવડતું નથી માટે દુઃખી થાય છે.' અલ્પમતિથી ને અજ્ઞાનથી આવો અવળો વિચાર કરીને એમનું ભલું કરવાના છેતરામણા

બહાને એમને એમનાં વ્યસનોનું સેવન સારી રીતે કરતાં શીખવવું એ એમને દુઃખમુક્ત કરવાનો કે એમનું ભલું કરવાનો હિતકારી ઉપાય નથી, પણ એમને વધારે ને વધારે દુઃખમાં નાખીને એમને રિબાવી-રિબાવીને મારવાનો અને એમનું ભૂંડું કરવાનો જ પાપી ઉપાય છે. એક માત્ર નિષ્પાપ ને હિતકર ઉપાય તો એમને વ્યસનમુક્ત કરવાનો જ છે.

જાતીય શિક્ષણ આપવાની શરૂઆત થયા પછી કુમારાવસ્થામાં જ છેડતી ને બલાત્કારના કિસ્સા વધવા લાગે. આજે બલાત્કારીઓને ફાંસી આપવાની વાતો થાય છે, પણ એ રીતે બલાત્કારના કિસ્સા રોકી શકાય નહિ.

સ્ત્રીઓ જ્યારે પોતાનાં જે અંગોપાંગોને સારી રીતે ઢાંકી રાખવા યોગ્ય છે તેવાં અંગોપાંગોને પણ ઉઘાડાં કરે, એવા અનુચિત-અસભ્ય પહેરવેશ પહેરીને બધી લાજ-મર્યાદાઓને નેવે મૂકી દઈને, નિર્લજ્જ બનીને દિવસે અને રાત્રે પણ રસ્તે રખડવા લાગી હોય અને નિષ્પાપ હૃદયવાળા પુરુષોની પણ કામવાસનાને ભડકાવે, કામવાસનાની ઉશ્કેરણી કરે એવું અનુચિત વર્તન જાહેરમાં કરવા લાગી હોય, વળી છાપાં અને સામયિકોમાં સ્ત્રી-પુરુષોના અર્ધનગ્ન કામોત્તેજક ફોટા છપાતા હોય અને જાહેર માર્ગો પણ સ્ત્રી-પુરુષોનાં

કામોત્તેજક અશ્લીલ ચિત્રોથી ઊભરાતા હોય ને એનાથીય આગળ વધીને ઘર-ઘરમાં પ્રવેશ પામી ચૂકેલાં ટી.વી.ઓ તો અશ્લીલ દશ્યો બતાવવામાં અને જાહેરાતો પણ એવી જ પ્રદર્શિત કરવામાં આડો આંક વાળતાં હોય, વળી યુવાવર્ગને જ્યારે ખાનગીમાં મન ભરીને બ્લ્યૂ ફિલ્મો જોવા મળતી હોય, બ્લ્યૂ ફિલ્મો જોવાનું જે સમયમાં યુવાવર્ગને ઘેલું લાગ્યું હોય, તેવા અતિ કામોત્તેજક સમયમાં નિષ્પાપ હૃદયવાળા કુલીન ને સદાચારી પુરુષો પણ પોતાની જાતને સંયમમાં રાખવા અસમર્થ બને, જાત ઉપરનો કાબૂ સર્વથા ગુમાવી બેસે અને ભાનભૂલા બનીને બલાત્કાર કરી બેસે. આવી ભયાનક પરિસ્થિતિ જ જ્યારે સર્વત્ર પ્રવર્તી રહી હોય ત્યારે ગમે તેટલા બલાત્કારીઓને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવે તોપણ બલાત્કારના કિસ્સાઓને રોકી શકાય જ નહિ. **લોકો પોતાની જાતને સારી રીતે કાબૂમાં રાખી શકે એવું સદાચારમય ને લાજ-મર્યાદાવાળું વાતાવરણ સર્વત્ર હોય તો બલાત્કાર સંભવે જ નહિ.**

એમ કહેવાય છે કે જાતીયતાના વિષયમાં યુવાવર્ગ સભાન બને એવા સારા ભાવથી જાતીય શિક્ષણ આપવાની વાત છે, પરંતુ એકલો સારો ભાવ તો કોઈનેય ઇષ્ટ નથી. સારા ભાવની સાથે કરાતું કાર્ય પણ સારું જ

હોવું જોઈએ, અર્થાત્ ભાવ અને કાર્ય બંને સારાં હોવાં જોઈએ; તો જ એ માન્ય બની શકે એકલો સારો ભાવ તો સારા ભાવની દલીલ કરનારને પોતાને પણ માન્ય હોતો નથી.

સારા ભાવની દલીલ કરનારા શ્રીમાનનો પાડોશી સારા ભાવની દલીલ કરનાર શ્રીમાનના છ માસના બાળકને હેતથી રમાડવા માટે આવે છે. બાળકને પ્યારથી રમાડવાના સારા ભાવથી જ એ બાળકને બે હાથે પકડીને આકાશમાં ઉછાળી-ઉછાળીને ઝીલે છે એમાં એક વાર બાળક ઝિલાતું નથી. જમીન ઉપર પટકાઈને સખત ઈજા પામે છે ત્યારે સારા ભાવની દલીલ કરનાર શ્રીમાન પાડોશીને પૂછે છે કે 'તમે અમારા બાળકને કેમ આવી સખત ઈજા પહોંચાડી ?' જવાબમાં પાડોશી કહે છે કે 'મારો ભાવ સારો હતો, તમારા બાળકને હૈયાના હેતથી રમાડવાનો જ ભાવ હતો. એને ઈજા પહોંચાડવાનો ભાવ નહોતો', તો એના આવા એકલા સારા ભાવને માબાપ-સહિત આખું જગત માન્ય રાખવા તૈયાર થશે નહિ. બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ વિવેકપૂર્વકની સારી જ હોવી જોઈતી હતી એમ માબાપ-સહિત આખું જગત કહેશે.

બાળકને રમાડવાના સારા ભાવની સાથે રમાડવાની ક્રિયા સારી નહોતી માટે પાડોશીને સજાને પાત્ર કે ઠપકાને પાત્ર તો અવશ્ય ગણશે.

અહીં આપણે જોયું કે બાળકને રમાડવાનો એકલો સારો ભાવ માન્ય બની શકતો નથી, વાજબી ઠરતો નથી. બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ બિલકુલ જોખમ વગરની નિર્દોષ જ હોવી જોઈએ. ભાવ સારો હોય ને ક્રિયા, કાર્ય કે માર્ગ ખોટો હોય એ ચાલે નહીં. સારા ભાવની સાથે કાર્ય કે માર્ગ પણ સાચો-સારો ને હિતકર જ હોવો જોઈએ, એકલો સારો ભાવ ક્યાંય કામ લાગે નહિ.

જાતીય શિક્ષણ, યુવાવર્ગ પોતાની જાતને સભાન બનાવે કે કાબૂમાં રાખી શકે એવી ભાવનાથી પ્રેરિત હોય તોપણ **જાતીયતા અંગે શિક્ષણ આપવાનું કાર્ય એ સારી ભાવનાથી ઝેરમિશ્રિત મીઠાઈ ખવરાવવા સમાન જ છે.**

શિક્ષણ તો જૂઠું નહિ બોલવા અંગેનું જ અપાય, પણ ગોઠવી-ગોઠવીને ચતુરાઈપૂર્વક સારી રીતે જૂઠ બોલતાં જેમને ન આવડતું હોય અને એ જ કારણથી જેઓ દુઃખી થઈ રહ્યાં હોય તેવા લોકોની દયા ખાઈને જૂઠ કેમ સારી રીતે બોલવું એવું શિક્ષણ તો અપાય જ નહિ.

શિક્ષણ તો ચોરી નહિ કરવા અંગેનું જ અપાય, પણ ચોરી કેમ સારી રીતે કરવી એવું શિક્ષણ તો ન જ અપાય. શિક્ષણ તો દારૂ-તમાકુ આદિનાં વ્યસનો છોડવા અંગેનું જ અપાય, પણ એ વ્યસનો કેમ સારી રીતે સેવવા એવું અનર્થકારી શિક્ષણ તો ન જ અપાય.

**એવી જ રીતે સારી ભાવનાની સાથે સારા કાર્યનો મેળ બેસાડીને શિક્ષણ તો જાતીયતા બાબતમાં સંયમ પાલન અંગેનું જ અપાય, પણ જાતીય સમાગમ કેમ સારી રીતે કરવો એવું શિક્ષણ તો ન જ અપાય.**

સંયમ પાલનના શિક્ષણનો હિતકર માર્ગ છોડીને અપાતું જાતીય શિક્ષણ યુવાવર્ગને એમાં સભાન બનાવે, એવી સંભાવના વધારે છે કે બેભાન બનાવે એવી સંભાવના વધારે છે એ પૂર્વગ્રહ છોડીને સરળ ભાવે વિચારવા યોગ્ય છે.

સામાજિક બાબતોના કણ જેવડાં નુકસાનોને મણ જેવડા મોટાં બતાવીને એ નુકસાન ટાળવાના ઇરાદે છેલ્લાં ૫૦ વરસોમાં જે સામાજિક પરિવર્તનો કરાયાં છે તે પરિવર્તનો દ્વારા નુકસાન ઘટ્યાં છે કે વધ્યાં છે ?, દોષો ઘટ્યા છે કે વધ્યા છે ?, ગુના ઘટ્યા છે કે વધ્યા છે ?, પરિસ્થિતિ સુધરી છે કે વધારે બગડી છે ? એ પણ શુદ્ધ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

ગર્ભહત્યાના મહાપાપને પાપ(ગુનો) નહીં ગણવાનો કાયદો એવી ભાવનાથી કરવામાં આવ્યો હતો કે યુગલો ભૂલ કરી બેસે તો એમની ઇચ્છા વિરુદ્ધના ગર્ભાધાનને રોકી શકાય. આજે બહુ થોડા સમયમાં પણ એનું પરિણામ કેવું ભયાનક આવ્યું છે, એ પાપ કેટલી હદે વકર્યું છે, એની સાચી માહિતી તો ગર્ભપાતનાં ઑપરેશનો કરનારા ડૉક્ટરો પાસેથી જ મળી શકે. કળિયુગ જેમ જેમ જામતો જશે તેમ તેમ આ અનર્થકારી કાયદાના પરિણામની ભયાનકતા વધતી જ જવાની છે.

જાતીય શિક્ષણ આજે(શરૂઆતમાં) મરજિયાતપણે દાખલ કરાય ને કાલે(સમય જતાં) કાયદો કરીને એને ફરજિયાત બનાવાય એવી સંભાવના શાસકોના માનસ જોતાં નકારી શકાય તેમ નથી.

જાતીય શિક્ષણના અભાવે જે નુકસાનોની કલ્પના કરવામાં આવે છે એ નુકસાનોની ટકાવારી જાતીય શિક્ષણની શરૂઆત થયા પછી ઘટવાની સંભાવના વિશેષ છે કે વધવાની સંભાવના વિશેષ છે, એ બાબત આ કરાલ કલિકાળને નજર સમક્ષ ખડો કરીને અને કેવળ નિત્ય લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, કરોડો-અબજોનાં કૌભાંડો, ખૂન-ખરાબી, લૂંટફાટ,

વ્યભિચાર ને બળાત્કાર આદિ પાપોના બગાડા તરફ જ કૂદકે ને ભૂસકે આગળ વધતી જતી દુનિયાને નજર સમક્ષ રાખીને નિષ્કપટભાવે નિર્મળ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

**લાલબત્તી :** જાતીય શિક્ષણનાં માઠાં પરિણામોનો સમાજને જ્યારે અતિ દુઃખદ અનુભવ થશે ત્યારે નુકસાનો ઘટાડવાની ભાવનાથી પણ એક વાર શરૂ કરાયેલા અસંયમના અવળા (ખોટા) માર્ગે જ આગળ ને આગળ વધ્યા કરવું પડશે. **મુખ ભલે આકાશ તરફ હોય, પગ તો પાતાળ તરફ જ રહેવાના, મુખ ભલે પૂર્વ દિશા તરફ રહે, ગતિ તો પશ્ચિમ દિશા તરફ જ રહેવાની, ભાવના ભલે માણસને માણસાઈની દિશામાં લઈ જવાની હોય, કાર્ય તો એને પશુતાની દિશામાં જ લઈ જનારું બનશે, ભાવના ભલે માણસને સભાન બનાવવાની હોય કાર્ય તો માણસને બેભાન બનાવનારું જ પુરવાર થશે. અસંયમના અવળા માર્ગે પ્રયાણ કરાવ્યા પછી એ અવળા માર્ગનાં માઠાં પરિણામોનો અનુભવ થવા છતાંય અસંયમના અળળા માર્ગેથી સંયમપાલનના સવળા માર્ગે પાછા ફરવાનું કોઈનાય માટે ક્યારેય શક્ય બનશે નહીં.**

❖